


Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-20 ■ તા. 9-05-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### ગુજરાતને ૧૬૦૦ મેટ્રિક ટન સામે ૯૭૫ મેટ્રિક ટન જ મળે છે, ચીફ સેક્રેટરી અનિલ મુકિમનું સુપ્રીમમાં સોગંદનામું

# રૂપાણી સરકારે સુપ્રિમકોર્ટમાં કહ્યું, કેન્દ્ર તરફથી પૂરતો ઓક્સીઝન નથી આપતી

## ગુજરાત સાથે અન્યાય કરી રહી છે મોદી સરકારઃ પહેલા ઓક્સિજનમાં કાપ મુક્યો હવે રેમડેસિવીર પણ ઘટાડ્યા, રાજ્યમાં ઓક્સિજનના અભાવે દર્દીને સારવાર નથી મળી રહી

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં કોરોના સંક્રમણ મુદ્દે સુપ્રીમ કોર્ટે કરેલી સુઓમોટો અરજીમાં ગુજરાત સરકારે શુક્રવારે જવાબ રજૂ કર્યો છે. જેમા સરકારે જણાવ્યું કે પાંચ મેના રોજ સરકારને ૧૪૦૦ મેટ્રીક ટન ઓક્સિજનની જરૂર પડી હતી અને ૧૫ મેના રોજ રાજ્યને ૧૬૦૦ મેટ્રીક ટન ઓક્સિજનની જરૂર પડશે. જો કે કેંદ્ર સરકાર તરફથી તેમને ૯૭૫ મેટ્રીક ટન ઓક્સિજન જ મળે છે. વિનંતી છતા તેમાં હજુ સુધી કોઈ વધારો કરાયો નથી.

ઓક્સિજનના અભાવે દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવા કે ઓક્સિજન થેરાપી માટે મેડિકલ ટ્રીટમેંટ આપવાની ના પાડવી પડે છે. રાજ્યમાં ૧૧ હજાર ૫૦૦ થપારીઓ વપરાયા વગર ખાલી પડી છે. આ સ્થિતિ અંગે કેંદ્ર સરકારે જાણ કરાઈ છે અને ઓક્સિજનની ફાળવણી વધારવા વિનંતિ કરાઈ છે.

રાજ્યમાં ઓક્સિજનનો ૪૦૦ મેટ્રીક ટનનો બફર સ્ટોક રાખવા અંગે કેંદ્ર સરકારને છ મેના રોજ સંપર્ક કરાયો છે. રાજ્યમાં હાલ કેટલાક પ્રતિબંધો દાલવામાં આવેલા હોવાથી ઈમરજન્સી બફરસ્ટોક ઉભો કરવામાં મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટને રાજ્યમાં વેક્સિનેશનને લઈને પૂરતી સુવિધા કરાઈ છે.

રાજ્યમાં કોવિડ ૧૯ વેક્સિન સ્ટોરેજ માટે રિજલન લેવલે છ વેક્સિનેશન સ્ટોર્સ, જિલ્લા અને મહાનગરપાલિકા સ્તરે ૪૧ સ્ટોર્સ અને બે હજાર ૧૮૯ કોલ્ડ ચેઈન પોઈંટ ઉપલબ્ધ છે. કેંદ્ર તરફથી ૧૬૯ આઈસ લાઈન્ડ રેફ્રિજરેટર્સ રાજ્યને મળ્યા છે. રાજ્ય પાસે કોવિડ-૧૯ના એક કરોડથી વધુ ડોઝ સ્ટોર કરવીન ક્ષમતા છે. છ મે સુધીમાં રાજ્ય પાસે વેક્સિનના કુલ પાંચ લાખ ૯૬ હજાર ૪૧૦ ડોઝ ઉપલબ્ધ છે. જેમાં કોવિશિલ્ડના કુલ ત્રણ લાખ ૯૫ હજાર ૯૨૦ અને કોવેક્સિનના બે લાખ ૪૯૦ ડોઝ છે.કેન્દ્ર તરફથી ગુજરાતને મળતો મેડિકલ ઓક્સિજનનો જથ્થો ૯૭૫ મેટ્રીક ટનથી નહીં વધારવાના કારણે દર્દીઓને હાલાકી પડી રહી છે. બેડ અને ડોક્ટર હોવા છતાં મેડિકલ ઓક્સિજન ના જથ્થાના અભાવે દર્દીઓની હોસ્પિટલમાં સારવાર નથી થઈ શકતી. કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે છત્રીસ શહેરોમાં નિયંત્રણો લાદ્યા હોવાની સુપ્રીમ કોર્ટ ને જાણ કરાઈ છે.કોરોનાકાળમાં ગુજરાત સાથે કેન્દ્રની મોદી સરકાર તરફથી સતત અન્યાય થતો રહ્યો છે. ચાહે તે ઓક્સિજનની ડિમાન્ડ હોય તો પણ ભલે અને રેમડેસિવીરની ડિમાન્ડ હોય, ગુજરાતની માગને સતત નજરઅંદાજ કરાઈ રહી છે. ગુજરાતના મુખ્ય સચિવ અનિલ મુકીમે સુપ્રીમકોર્ટમાં કરવામાં આવેલી સુઓ મોટુ અરજીના સંદર્ભે જવાબ રજૂ કરતાં એક સોગંદનામાંમાં આમ જણાવ્યું છે. મુકીમે આ સોગંદનામાં સાથે કેન્દ્રીય ગૃહ સચિવ અજયકુમાર ભલ્લાને લખેલાં પત્રોની નકલ પણ આ સોગંદનામાના બિડાણમાં રજૂ કરી છે.

## લો બોલો....કોરોના મહામારીમાં શિમલા આવી રહ્યાં છે ટ્રમ્પ અને અમિતાભ?

શિમલા,તા.૮

હિમાચલ પ્રદેશમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને બોલિવૂડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચન આવી રહ્યાં હોવાની વાતથી જ લોકો દંગ રહી ગયા હતા. આ મામલે શિમલા પોલીસે તપાસ હાથ ધરી અને જે ખુલાસો થયો તેને લઈને હડકંપ મચી ગયો હતો. આ મામલે તપાસ કરવામાં આવી તો એક કૌભાંડ સામે આવ્યું હતું જેની તપાસ હથ ધરવામાં આવી છે.

કોરોના મહામારીના કેસોમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખીને હિમાચલ પ્રદેશની સરકારે રાજ્યમાં પ્રવેશવા માટે ૨૭ એપ્રિલથી ઈ-પાસ અનિવાર્ય બનાવી દીધું હતું. હિમાચલ પ્રદેશના શિમલાને લઈને સૌકોઈને ભારે આકર્ષણ હોય છે જેથી બચ્ચન અને ટ્રમ્પ જેવી નામચીન હસ્તીઓના નામે કોઈ ગેરરીતિ આચરીને બનાવટી ઈ-પાસ પોતાના નામના બનાવી લીધા હતાં.

સોશિયલ મીડિયા પર આ બાબતેની જાણકારી આપતા હિમાચલ પ્રદેશ પોલીસે જણાવ્યું હતું કે, શિમલા પોલીસ આ મામલે કેસ નોંધી ચુકી છે અને તેમને બનાવટી ઈ-પાસ બનાવવાની જાણકારી મળી છે. પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ટ્રમ્પ અને અમિતાભના નામે બે પાસ HP-૨૫૬૩૮૨૫ અને HP-૨૫૬૩૨૮૭ જારી કરી દેવામાં આવ્યા હતાં. આ બાબતેની ઈન્ફર્મેશન એન્ડ ટેક્નોલોજી વિભાગની ફરિયાદ પર આ મામલે શિમલા ઈસ્ટ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે કહ્યું હતું કે, બંને પાસ એક જ મોબાઈલ નંબર અને આધાર નંબર પર જારી કરવામાં આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે, કોરોનાના કેસમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખી રાજ્યમાં પ્રવેશવા માટે ૨૭ એપ્રિલથી ઈ-પાસ અનિવાર્ય બનાવવામાં આવ્યું હતું.

## ખતરો વધ્યો, WHOએ સ્વીકાર્યું, કોરોના હવાથી ફેલાઈ શકે છે

ન્યુ દિલ્હી,તા.૮

કોરોનાને મહામારી જાહેરા કર્યાને લગભગ એક વર્ષ બાદ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ આખરે માની લીધું છે કે, કોરોનાવાઈરસ હવાથી પણ ફેલાઈ શકે છે. WHના અનુસાર, વાઈરસ ખરાબ વેન્ટિલેશન અથવા ભીડવાળી બંધ જગ્યામાં પણ ફેલાઈ શકે છે, જ્યાં લોકો લાંબા સમય સુધી રહે છે, કેમ કે એરોસોલ હવામાં એક મીટરથી પણ વધારે દૂર સુધી જઈ શકે છે. હકીકતમાં WHOએ કોરોના સાથે સંબંધિત સવાલોના જવાબ અપડેટ કર્યા છે. તેમાંથી આ સવાલનો જવાબ પણ સામેલ છે કે લોકોની વચ્ચે કોરોના કેવી રીતે ફેલાય છે? માનવામાં આવી રહ્યું છે કે ત્યારબાદ કોરોનાથી બચવાની નવી ગાઈડલાઈન સામે આવી શકે છે. ઓર્ગેનાઈઝેશન અત્યાર સુધી એવું કહેતું હતું કે એ વાતના પૂરતા પુરાવા નથી કે કોરોના હવાથી પણ ફેલાય છે.કોરોના કેવી રીતે ફેલાય છે? ચીનમાં ૨૦૧૯માં કોરોના ફેલાયા બાદથી આ સવાલ પર ઘણી ચર્ચા થઈ હતી. હકીકતમાં, આ ચર્ચાની પાછળ વૈજ્ઞાનિકોની વચ્ચે ડ્રોપલેટ અને એરોસોલને લઈને મતભેદ છે. અત્યાર સુધી મોટાભાગના વૈજ્ઞાનિકોનું માનવું હતું કે, છીંકવાથી, ઉધરસથી, ગીતો ગાવાથી અથવા બોલતી વખતે મનુષ્યના નાક અથવા મોંથી જે ટીપાં નીકળે છે તે ડ્રોપલેટ હોય છે. એટલે કે તેની સાઈઝ ૫ માઈક્રોમીટર કરતાં વધારે હોય છે. તેમાં કોરોનાવાઈરસ થવા પર પણ તે પોતાના વજનના કારણે બે મીટરથી વધારે દૂર નથી જઈ શકતા. ગુરુત્વાકર્ષણના કારણે નીચે પડી જાય છે. એટલે કે કોરોના હવાથી નથી ફેલાતો. એક માઈક્રોમીટર એક મીટરના ૧૦ લાખનો હિસ્સો હોય છે.તેમજ નિષ્ણાતોના બીજા સમૂહનું કહેવું છે કે, મોં અને નાકમાંથી નીકળતા ડ્રોપલેટનો આકાર ૫ માઈક્રોમીટર કરતા પણ ઓછો હોઈ શકે છે અને તે હવાની સાથે દૂર સુધી જઈ શકે છે.

## 'જનતાના પ્રાણ જાય, પણ પ્રધાનમંત્રીની ટેક્સ વસૂલી ન જાય'- રાહુલ ગાંધીનો પ્રહાર

ન્યુ દિલ્હી,તા.૮



કોરોના વેક્સિનની કિંમતો બાદ હવે તેના પર લગાવવામાં આવેલા ટેક્સને લઈને વિવાદ શરૂ થયો છે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે શુક્રવારે નાણાં મંત્રી નિર્મલા સીથારામણને ચિઠ્ઠી લખીને વેક્સિનની ખરીદી પર લાગતા જીએસટીને માફ કરવાની માંગણી કરી હતી. ત્યારે હવે શનિવારે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ પણ વેક્સિન પર ટેક્સની વસૂલાતને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સીધો હુમલો કર્યો છે.

રાહુલ ગાંધીએ ટ્વીટમાં લખ્યું હતું કે, 'જનતાના પ્રાણ જાય, પણ સ્ની ટેક્સ વસૂલી ન જાય' આ ટ્વીટની સાથે તેમણે હેશટેગ જીએસટીનો પણ ઉપયોગ કર્યો હતો. સરકારે વિદેશથી આવતી કોરોના વેક્સિન પરનો જીએસટી હટાવી દીધો છે પરંતુ દેશની અંદર વેક્સિનની ખરીદી પર હજુ પણ જીએસટી લેવાઈ રહ્યો છે. કોરોના વેક્સિન પર કેન્દ્ર સરકાર તરફથી ૫ ટકા જીએસટી લેવામાં આવી રહ્યો છે.સીરમ ઈન્સ્ટિટ્યુટની કોવિશીલ્ડનો એક ડોઝ રાજ્યોને ૩૦૦ રૂપિયા અને ભારત બાયોટેકની કોવેક્સિનનો એક ડોઝ ૪૦૦ રૂપિયામાં મળી રહ્યો છે. તેના પર અલગથી ૫ ટકા જીએસટી લાગી રહ્યો છે. આમ રાજ્યોને કોવિશીલ્ડનો એક ડોઝ ૩૧૫ રૂપિયામાં અને કોવેક્સિનનો એક ડોઝ ૪૨૦ રૂપિયામાં પડી રહ્યો છે. આમ રાજ્યો પર વધારાના ખર્ચનું ભારણ વધી રહ્યું છે. આ કારણે અનેક રાજ્યો વેક્સિન પર લાગતા જીએસટીમાં છૂટની માંગણી કરી રહ્યા છે. જ્યારે કેન્દ્ર સરકારને બંને વેક્સિનનો એક ડોઝ ૧૫૦ રૂપિયામાં મળી રહ્યો છે.

ભારતમાં હાલ ૩ વેક્સિનના ઉપયોગને મંજૂરી મળી છે. પહેલી વેક્સિન છે કોવિશીલ્ડ જેને સીરમ ઈન્સ્ટિટ્યુટ બનાવી રહી છે અને બીજી કોવેક્સિન છે જેને આઈસીએમઆર સાથે મળીને ભારત બાયોટેક બનાવી રહી છે. ત્રીજી વેક્સિન છે સ્પુતનિક-ફ જેને ઈમરજન્સી યુઝની મંજૂરી મળી ગઈ છે. તે રૂસી વેક્સિન છે જેને ભારતની ડૉ. રેડ્ડી લેબ બનાવશે. જો કે, હજુ સ્પુતનિક-ફની કિંમતો નક્કી નથી થઈ.

## લો બોલો...ભાજપના ધારાસભ્યે પીધું ગૌમૂત્ર, કહ્યું- આ કોરોનાથી બચાવશે

ન્યુ દિલ્હી,તા.૮

ભારતમાં કોરોનાના કારણે ભારે હાહાકાર વ્યાપ્યો છે અને શહેરોથી લઈને ગામડાઓ સુધી લોકો આ મહામારીનો સામનો કરી રહ્યા છે. હોસ્પિટલમાં ડૉક્ટર્સ પણ લોકોને કેવી રીતે બચાવી શકાય તેમ વિચારીને ચિંતિત છે. ત્યારે ઉત્તર પ્રદેશમાં ભાજપના એક ધારાસભ્ય લોકોને કોરોનાથી બચવા ગૌમૂત્રનો નુસખો જણાવી રહ્યા છે. ઉત્તર પ્રદેશના બલિયા ખાતે આવેલી બૈરિયા વિધાનસભાના ભાજપના ધારાસભ્ય સુરેન્દ્ર સિંહનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં તેઓ પોતે જ ડૉક્ટર બની ગયા છે અને કોરોનાથી બચવા ચિત્ર-વિચિત્ર નુસખા બતાવી રહ્યા છે. ભાજપના ધારાસભ્યે પોતાનો ગૌમૂત્ર પીતો વીડિયો વાયરલ કર્યો છે જેમાં તેઓ લોકોને ગૌમૂત્રનું સેવન જરૂર કરવું જોઈએ તેવી વિનંતી કરી રહ્યા છે.

## જીવલેણ બીજી લહેર!, પાંચ મહિનામાં જ ૯૩ ટકા લોકોમાં એન્ટીબોડી ખતમ થઈ ગઈ

ન્યુ દિલ્હી,તા.૮

કોરોનાના સંક્રમણ કાળમાં ૯૩ ટકા લોકોમાં ૫ મહિનામાં જ એન્ટીબોડી ખતમ થઈ ગઈ છે. માત્ર સાત ટકા લોકોમાં જ હવે તે બાકી રહી ગઈ છે. બનારસ હિંદુ યૂનિવર્સિટી (BHU)ના વૈજ્ઞાનિકો દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધનમાં આ ચોંકાવનારી વાત સામે આવી છે. આ સંશોધનને અમેરિકાની આંતરરાષ્ટ્રિય જનરલ સાયન્સમાં સ્થાન મળ્યું છે.

દેશમાં કોરોનાની બીજી લહેરના કારણે સંક્રમણમાં ખુબ જ વધારો થયો છે ત્યારે મ્ઁના જીવ વિજ્ઞાન વિભાગના પ્રોફેસર જ્ઞાનેશ્વર ચૌબેની આગેવાનીમાં વૈજ્ઞાનિકોની ટીમે બનારસમાં લોકોનું પરીક્ષણ કર્યું હતું. તેમાં એ જાણકારી મળી છે કે, ગત વર્ષે સપ્ટેમ્બરથી નવેમ્બર વચ્ચે સીરો સર્વેમાં જે ૧૦૦ લોકોમાં ૪૦ ટકા સુધીની એન્ટીબોડી હતી તેમાંથી ૯૩ ટકા લોકોમાં પાંચ મહિના બાદ એટલે કે આ વર્ષે માર્ચ સુધીમાં ૪ ટકા જ લોકોમાં એન્ટિબોડી બાકી રહી હતી. માત્ર ૭ ટકા લોકો જ એવા મળ્યાં હતાં કે જેમનામાં હજી પણ એન્ટિબોડી બાકી છે.વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, એવો અંદાજ લગાવવામાં આવ્યો હતો કે, જુન ૨૦૨૧ સુધી લોકોના શરીરમાં એન્ટિબોડી રહેશે અને કોરોનાની બીજી લહેર ઓગષ્ટ સુધીમાં આવી શકે છે. ત્યાં સુધી મોટા પાયે વેક્સીનેશનનું કામ પૂર્ણ થઈ જાત. પરંતુ આ અંદાજ ખોટો ઠર્યો હતો અને ઓગષ્ટ પહેલા જ કોરોનાની બીજી લહેરે આખા દેશમાં કહેર મચાવ્યો. વૈજ્ઞાનિકો એ નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે, કોરોનાની ઘાતક એવી બીજી લહેરમાં હર્ડ ઈમ્યુનિટી વિકસિત ના થઈ શકે. તેથી કોરોના સામે લડવામાં વેક્સિન જ એકમાત્ર કારગર હથિયાર છે.

પ્રો, જ્ઞાનેશ્વરે જણાવ્યુ હતું કે, વૈજ્ઞાનિકોની ટીમ વેક્સીન લેનારાઓ પર રિસર્ચ કરી રહી છે. પ્રારંભિક પરિણામોમાં જાણવા મળ્યું છે કે, પહેલી લહેરમાં સંક્રમિત ના થનારાઓમાં વેક્સીન લગાવ્યા બાદ એંટીબોડી બનવામાં ચાર અઠવાડિયાનો સમય લાગી શકે છે. જ્યારે સંક્રમિત થઈ ચુકેલા લોકોમાં વેક્સીન લીધા બાદ એક અઠવાડિયાથી ૧૦ દિવસની અંદર એન્ટિબોડી વિકસીત થઈ ગઈ હતી. આમ થવા પાછળનું કારણ સંક્રમિત લોકોની ઈમ્યુનિટીમાં મેમોરી બી સેલનું વિકસીત થવું છે. આ સેલ નવા સંક્રમણને ઓળખી કાઢીને વ્યક્તિની પ્રતિરોધક ક્ષમતાને સક્રિય બનાવી દે છે. માટે જે લોકો ગત વખતે સંક્રમિત થયા હતાં તે બીજી લહેરમાં ઝડપથી સાજા થઈ જાય છે. પરંતુ જે પહેલી લહેરમાં કોરોનાનો શિકાર નહોતા બન્યા તેમનામાં મૃત્યુદર વધારે ઉંચો જોવા મળી રહ્યો છે.

## કોરોનાના દર્દીઓને મોટી રાહત, હોસ્પિટલમાં કરી શકાશે ૨ લાખથી વધારેનું કેશ પેમેન્ટ

ન્યુ દિલ્હી,તા.૮

ખાનગી હોસ્પિટલ, કોવિડ સેન્ટર, ડિસ્પેન્સરી, નર્સિંગ હોમ સહિતના તમામ મેડિકલ સેન્ટર હવે ૨ લાખથી વધારે રૂપિયાનું કેશ પેમેન્ટ સ્વીકારી શકશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીડીટી) દ્વારા આ છૂટ આપવામાં આવી છે. આ છૂટ ૩૧મી મે સુધી લાગુ રહેશે. જો કે, કેશ પેમેન્ટની મર્યાદા નક્કી નથી કરવામાં આવી.

હકીકતે ઈંક્મ ટેક્સ કાયદાની કલમ-૨૬૯જી્ દેશમાં કોઈ પણ વ્યક્તિની ૨ લાખ રૂપિયાથી વધારેની રોકડ લેવડ-દેવડને રોકે છે. ૨૦૧૭માં સરકારે બ્લેક મનીના ઉપયોગને રોકવા માટે આ નિયમ બનાવ્યો હતો. આ નિયમ પ્રમાણે જો કોઈ વ્યક્તિએ ૨ લાખ કરતા વધારે રૂપિયાની લેવડ-દેવડ કરવી છે તો તે ફક્ત ચેક, ડ્રાફ્ટ, નેટ બેક્કિંગ કે ડિજિટલ પદ્ધતિથી જ થઈ શકશે.

દિલ્હી હાઈકોર્ટમાં આ કલમને સસ્પેન્ડ કરવા માટે એક અરજી દાખલ કરાઈ હતી. મનીષા ગુપ્તા નામની એક વ્યક્તિએ તે અરજી દાખલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, હોસ્પિટલો ૨ લાખ રૂપિયા કરતા વધારેનું કેશ પેમેન્ટ નથી સ્વીકારી રહી જેથી દર્દીઓની સારવારમાં મોડુ થઈ રહ્યું છે. સુનાવણી દરમિયાન સરકારે તે આ નિયમ અંતર્ગત છૂટ આપવા વિચારી રહી હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ સીબીડીટીએ એક આદેશ બહાર પાડ્યો હતો જે મુજબ ખાનગી હોસ્પિટલ, કોવિડ કેર સેન્ટર, નર્સિંગ હોમ સહિત તમામ મેડિકલ સેન્ટર જ્યાં કોરોનાના દર્દીની સારવાર ચાલી રહી છે ત્યાં હવે ૨ લાખ કરતા વધારે રૂપિયાનું કેશ પેમેન્ટ થઈ શકશે. આ આદેશ પહેલી એપ્રિલના રોજ લાગુ કરવામાં આવ્યો હતો અને ૩૧મી મે સુધી લાગુ રહેશે. જો કે, હજુ સુધી કેશ પેમેન્ટની કોઈ લિમિટ નક્કી નથી કરવામાં આવી.

## કેરળ, રાજસ્થાન, મિઝોરમ બાદ હવે તામિલનાડુમાં સંપૂર્ણ લોકડાઉન

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં કોરોના બેકાબૂ બની રહ્યો છે. તેની ગતિ અટકાવવા માટે, રાજ્ય સરકારો હવે સંપૂર્ણ લોકડાઉન તરફ આગળ વધી રહી છે. હવે સંપૂર્ણ લોકડાઉન દક્ષિણના રાજ્ય કેરળમાં જાહેર કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી પિનરઈ વિજયને માહિતી આપી હતી કે ૮ મેથી ૧૬ મે દરમિયાન કેરળમાં સંપૂર્ણ લોકડાઉન રહેશે. આ સમય દરમિયાન ફક્ત આવશ્યક સેવાઓ કાર્યરત રહેશે. કારણ વગરનું બહાર ફરવા જનાર પર સંપૂર્ણ મનાઈ ફરમાવી દેવામાં આવી છે.

કેરળ સરકારની ગાઈડલાઈન મુજબ એક જિલ્લાથી બીજા જિલ્લામાં જવા પર પ્રતિબંધ રહેશે. જ્યારે કોઈ કટોકટી હોય ત્યારે જ આને મંજૂરી આપવામાં આવશે. જાહેર પરિવહન પણ સંપૂર્ણ બંધ રહેશે. જો કે, ટ્રેનો અને ફ્લાઈટ્સ કાર્યરત રહેશે. જે લોકો અન્ય રાજ્યોથી કેરળ આવે છે, તેઓએ કોવિડ ૧૯ પોર્ટલ પર નોંધણી કરાવી દેવાની રહેશે અથવા તેઓને હોટલ અથવા સંસ્થામાં ૧૪ દિવસના ક્વોરેન્ટાઇન રહેવું પડશે અને તમારે ખર્ચ પોતે જ ભોગવવો પડશે.રાજસ્થાનમાં ૧૦ મેથી ૨૪ મે દરમિયાન લોકડાઉન રહેશે. આ સમયગાળા દરમિયાન, કટોકટી સેવાઓ સિવાયની તમામ પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવશે. લગ્ન, ડીજે, સરઘસ અને પાર્ટી કરવી વગેરેથી સંબંધિત કોઈપણ સમારોહને ૩૧ મે સુધી મંજૂરી આપવામાં આવશે નહીં. ઘરે અથવા કોર્ટ મેરેજ તરીકે લગ્નની મંજૂરી આપવામાં આવશે, જેમાં ફક્ત ૧૧ વ્યક્તિઓ શામેલ હશે, જેની માહિતી વેબ પોર્ટલ પર ઉપલબ્ધ છે. તેનેતમામ માહિતી આપવાની રહેશે.

કોરોનાના વધતા જતા કેસોને કારણે તમિલનાડુ અને મિઝોરમમાં પણ લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. તમિળનાડુમાં ૧૪ દિવસ અને મિઝોરમમાં ૭ દિવસનું લોકડાઉન લાદવામાં આવ્યુ છે. ૧૦ મેથી ૨૪ મે દરમિયાન તમિળનાડુમાં લોકડાઉન રહેશે. તે જ સમયે, ૧૦ મી મેથી ૧૭ મે સુધી મિઝોરમમાં લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે.

## બ્રિટનથી ભારત આવ્યા ૩ ઓક્સિજન જનરેટર, ૧૦૦૦ વેન્ટિલેટર

ન્યુ દિલ્હી,તા.૮

કોરોના વાયરસ મહામારીનો સામનો કરવા માટે વિશ્વના અનેક દેશો ભારતની મદદ કરવા આગળ આવી રહ્યા છે. તેના અનુસંધાને ઉત્તરી આયરલેન્ડના બેલફાસ્ટ ખાતેથી ૧૮ ટનના ૩ ઓક્સિજન જનરેટર અને ૧,૦૦૦ વેન્ટિલેટર સાથે વિશ્વના સૌથી મોટા માલવાહક વિમાને ભારત માટે ઉડાન ભરી દીધી છે. બ્રિટિશ સરકારે (UK)એ પોતે જ આ અંગેની જાણકારી આપી છે. ફોરેન, કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસ ( હ્લઝ્રડ્ઢ)ના કહેવા પ્રમાણે એરપોર્ટના કર્મચારીઓએ આખી રાત આકરી મહેનત કરીને વિશાળકાય એન્ટોનાવ ૧૨૪ વિમાનમાં જીવન રક્ષક દવાઓ લાદી હતી. ઈન્ડિયન રેડક્રોસની મદદથી યુકેથી આવેલા આ પુરવઠાને કોરોના સંકટ સામે ઝઝુમી રહેલા ભારતની હોસ્પિટલોમાં પહોંચાડવામાં આવશે. ત્રણેય ઓક્સિજન જનરેટરમાંથી પ્રત્યેક જનરેટર પ્રતિ મિનિટ ૫૦૦ લીટર ઓક્સિજનનું ઉત્પાદન કરવા સક્ષમ છે. જે એક સમયે ૫૦ લોકોના ઉપયોગ માટે પર્યાપ્ત છે. વિશ્વના સૌથી મોટા માલવાહક વિમાનમાં આ ઉપકરણો લાદવામાં આવ્યા તે સમયે ઉત્તરી આયરલેન્ડના હેલ્થ મિનિસ્ટર રોબિન સ્વાન બેલફાસ્ટ એરપોર્ટ પર હાજર રહ્યા હતા.

## તંત્રી લેખ


# ડરો નહિં બોલો કે 'હા, હું કોરોના સંક્રમિત છુ', પરિવારને બચાવો, દેશને બચાવો

કોરોનાની બીજી લહેર દેશમાં ઘરે ઘરે તાંડવ કરીને પોતાનુ રૌદ્ર રુપ બતાવી રહી છે. છેલ્લા સતત બે દિવસથી ભારતમાં ચાર લાખથી વધુ દૈનિક કેસો સામે આવી રહ્યા છે. મોતના આંકડાથી લોકોના ભયનો માહોલ છે. બીજી લહેર ક્યારે પૂરી થશે તેના કોઈ એંધાણ નથી ત્યાં તો વૈજ્ઞાનિકોએ ત્રીજી લહેર માટે ચેતવણી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટે પણ ચિંતા વ્યક્તિ કરીને કહ્યુ કે ત્રીજી લહેરમાં બાળકો સંક્રમિત થશે તો શું કરશો? આવી સ્થિતિમાં પણ એવા ઘણા કિસ્સા જોવા મળી રહ્યા છે જેમાં લોકો પોતે કોરોના સંક્રમિત હોવાનુ છૂપાવી રહ્યા છે.તાજેતરમાં જ મધ્ય પ્રદેશના નિવાડી જિલ્લામાં આવો જ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં કોરોના સંક્રમિત એક યુવક લગ્ન સમારંભમાં શામેલ થયો. બાદમાં લોકોની તબિયત બગડતા તપાસ કરાવી તો ૬૦માંથી ૪૦ વ્યક્તિઓના કોરોના રિપોર્ટ પૉઝિટીવ આવ્યા. હાલમાં આખા ગામને સીલ કરી દેવામાં આવ્યુ છે અને બાકીના લોકોના ટેસ્ટ કરાવવામાં આવી રહ્યા છે. તમને જણાવી દઈએ કે મધ્ય પ્રદેશમાં લગ્ન સમારંભમાં ૧૦ લોકોને જ શામેલ થવાની મંજૂરી છે. પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં તો એક મહિલાએ પોતાના પતિનુ કોવિડ-૧૯ સંક્રમણના કારણે મોત થયા બાદ પોતાના બંને બાળકો સાથે ટ્રેન નીચે ઝંપલાવ્યુ. જો કે સમયસૂચકતાથી તેમને બચાવી લેવાયા. મહિલાઓએ જણાવ્યુ કે તેને ડર હતો કે હવે ગામમા તેની સાથે અછૂતો જેવો વ્યવહાર કરવામાં આવશે. કોઈ તેમની મદદ નહિ કરે અને તેમનો બહિષ્કાર કરશે.

ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ અને જાગૃતિના અભાવે કોરોના સંક્રમિત હોવાની માહિતી છૂપાવવાના કેસ વધુ બને છે. જો કે, આના માટે બીજા પણ ઘણા પરિબળો જવાબદાર છે. એક ગ્રામજનનુ કહેવુ છે કે જો તે કોરોના પૉઝિટીવ આવે તો આખા પરિવારને ક્વૉરંટાઈન થવુ પડે એનો અર્થ એટલે કે એટલા વધુ દિવસ તેમણે કામ વિનાના અને ભોજન વિના રહેવુ પડે. ગામડામાં તો લોકો નથી માસ્ક પહેરતા કે નથી સોશિયલ ડિસ્ટંસીગનુ પાલન કરતા. તેઓ છૂપાવે છે કે તે બિમાર છે. તેમને ડર છે કે લોકો તેમને અછૂત ગણશે. તેમનો બહિષ્કાર કરશે. કોઈ તેમની મદદ કરશે કે નહિ. કોઈની મદદ નહિ મળે તો તેમનુ શું થશે.સાયકોલોજિસ્ટના મત મુજબ ગુસ્સો, શરમ, દુઃખ, પેનિક અને મુંઝવણ જેવી લાગણીઓ લોકોને કોરોના સંક્રમિત હોવાનુ જાહેર કરતા રોકે છે. તેમને ડર હોય છે કે લોકો તેમને જજ કરશે. રિકવર થયા પછી પણ તેમના પર લેબલ લાગેલુ રહેશે. બીજુ સૌથી મોટુ પરિબળ આર્થિક તંગી પણ છે જેના કારણે કર્મચારીઓ અને માલિકો પણ આ હકીકત સ્વીકારવાનુ ટાળે છે. અમુક નોકરીઓમાં તો લોકોને સીક લીવ પણ મળતી નથી હોતી. જેના કારણે લોકો પોતાની માંદગી છૂપાવે છે અને આવા જ લોકો છેવટે સુપર સ્પ્રેડર બને છે. લોકએ એ સમજવાની જરૂર છે કે કોરોના વાયરસથી સંક્રમિત થવુ એ નાનમ અનુભવવાની વાત નથી. ગમે તેટલી સાવચેતી છતાં તે કોઈને પણ થઈ શકે છે.

# સદાબહાર સૂર - ૧૯

## અવિનાશ વ્યાસ




અવિનાશ વ્યાસે ગુજરાતી જગતમાં પોતાની વૈવિધ્યસભર પ્રતિભાઓથી મોટું યોગદાન આપ્યું. એમણે આપેલ યોગદાન બદલ તેઓ સદાય માટે અવિસ્મરણીય બની રહેશે..અવિનાશ વ્યાસ એક એવું નામ જે ભૂતકાળમાં તો હતું પણ વર્તમાન એને અનુસરશે અને ભવિષ્યકાળમાં પણ દીવાદાંડી જેમ સુગમ સંગીતના ગાયકો અને ચાહકોને માર્ગદર્શન આપશે.

સુરેશ દલાલે અવિનાશ વ્યાસ માટે બહુ સરસ વાત કરી છે કે વીસમી સદીના ગુજરાતી સુગમ સંગીતના પર્યાય જેવા અવિનાશ વ્યાસ ગુજરાતી પ્રજાના કંઠમાં અને કાનમાં કાયમ માટે વસી રહેલા સંગીતકાર અને ગીતકાર છે. આ જ વાતને સહેજ સમજાય એવી રીતે કહેવી હોય તો કહી શકીએ કે એક અવિનાશમાં બે અવિનાશ છે. સંગીતકાર અને ગીતકાર ક્યારેક એકમેક સાથે મીઠી સ્પર્ધા કરે છે. કોઈક વાર સંગીતકાર આગળ નીકળી જાય છે તો કોઈક વાર ગીતકાર. ક્યારેક સૂર શબ્દને ખેંચે છે તો ક્યારેક શબ્દસૂરને. સંગીતકારના ફલાવરવાઝમાં ગીતકાર અવિનાશના બગીચાના કેટલાય ફૂલો લય અને તાલની હવામાં ઝૂલ્યા કરે છે."

આવા ગીતકાર સંગીતકારનું નામ સદાય અવિસ્મરણીય રહેવાનું જ કારણકે એમણે સાવ સરળ દેખાતા અને તેમ છતાં ઘણું કહી જતા ભાતીગળ ગીતોની રચના કરી છે.. આ વાત જરા સમજવી હોય તો આપણા ઑલ ટાઈમ ફેવરિટ ગીતને યાદ કરવું પડે. વાત છે ગીત હૂ તુ તુ તુ તુ તુ તુ તુની.. એક શ્વાસે ગવાતું આ ગીત સાંભળીને કોઈને એમ થાય કે આ તો રમતની વાત છે પણ આમ રમતની સાવ સરળ દેખાતી વાતમાં પણ કેટલો મોટો ગૂઢાર્થ અહીં છતો થાય છે નહી?

હવે આ રચના પણ આમ રમતા રમતા જ કેવી રીતે રચાઈ છે એની વાત પણ રસપ્રદ છે અને આ વાત માંડે છે અવિનાશ વ્યાસના સુપુત્ર અને ખ્યાતનામ સંગીતકાર ગૌરાંગ વ્યાસ.એ કહે છે કે ક્યારેક એવું બને કે કેટલીક સ્વર રચનાઓ એવી હોય છે જે કોઈના સૂચનનું નિમિત્ત બને. એમાં બન્યું એવું કે જયારે ગૌરાંગ વ્યાસ એમના પિતા અવિનાશ વ્યાસના સહાયક સંગીતકાર તરીકે કામ કરતાં હતાં અને એ વખતે આપણા મહાન ગાયક મન્ના ડે ફિલ્મના ગીતો ગાવા આવતા હતા. મન્ના ડેને એવું હતું કે જેવું રેકોર્ડિંગ પતે એટલે ગૌરાંગ વ્યાસને હાર્મોનિયમ પર બેસાડે અને કહે કે **"कुछ नया सुनाओ, कुछ अच्छा सुगम संगीत का गाना सुनाओ !"** એટલે ગૌરાંગ વ્યાસ એમના કંપૉઝ કરેલા ગીતો મન્ના ડેને સંભળાવતા અને મન્ના ડેને એ ખુબ ગમતા. એમાં એક વાર મન્ના ડેએ એવું કીધું કે **" गौरांग, ईतना अच्छा कंपोझिशन करते हो तो हम लोग ॥ HMV करते है. "** એમાં ભજન, ગઝલ અને ગીત હોય. એ સમયે ભજન અને ગઝલ તો નક્કી થઈ ગયા પણ ગીત નક્કી કરવાનું બાકી હતું એટલે મન્નાબાબુએ ગૌરાંગ વ્યાસને કહ્યું કે તું અવિનાશભાઈને કહે કે કોઈ રિધમેટિક સોંગ લખી આપે તો જરા મઝા આવે. ભજન અને ગઝલ તો બરાબર છે." એટલે ગૌરાંગ વ્યાસે એમના પિતાશ્રી અવિનાશ વ્યાસને કહ્યું કે એક રમતિયાળ ગીત જોઈએ છે.

બીજા દિવસે શાંત,સ્વસ્થ મને પડકાર ઝીલનારા અવિનાશ વ્યાસે ગૌરાંગ વ્યાસને બોલાવીને કહ્યું, કે તું રમતિયાળ ગીતની વાત કરતો હતો તો આપણે રમતનું જ ગીત કરીએ અને અવિનાશ વ્યાસે ગૌરાંગ વ્યાસને લાઈન લખી આપી.

**હૂ તુ તુ તુ તુ તુ તુ તુ, જામી રમતની ઋતુ**
**આપ આપો એક મેકના થઈને ભેરુ**
**સારુ જગત આખું રમતું આવ્યું છે**
**ને રમે છે હૂ તુ તુ તુ પ**

અને કહ્યું કે આની પર તું કર.. ગૌરાંગ વ્યાસ તો હાર્મોનિયમ લઈને બેસી ગયા અને અવિનાશ વ્યાસે જે ટેમ્પોમાં સંભળાવ્યું હતું એ ટેમ્પો એમણે પકડી રાખ્યોપઢીન ચાક ઢીન ચાક.. અને ગૌરાંગ વ્યાસને મુખડું સૂજ્યુએ અવિનાશ વ્યાસને બોલાવીને સંભળાવ્યું તો એમને પણ મઝા આવી ગઈ અને કહ્યું કે બહુ સરસ થઈ ગયું છે. થોડું શબ્દોના હિસાબે ગોઠવવું પડે બાકી ટ્યૂન તો સરસ બેસી ગઈ છે. ગૌરાંગ વ્યાસે કીધું કે ભઈ, સરસ તો થઈ ગયું પણ હવે આગળ શું? અવિનાશ વ્યાસના મનમાં થોડા થોટ્સ હતા એટલે એમણે ગૌરાંગ વ્યાસને કહ્યું કે તને જે ટ્યૂન સુઝે એ તું ગા અને હું ટ્રાય કરું અને પછી ગૌરાંગ વ્યાસે એમની રીતે રાગ છેડ્યો. એ રાગ સાંભળીને અવિનાશ વ્યાસે આગળની પંક્તિઓ ઉમેરી. "એક મેકને મથે પકડવા સારા નરસા સ્વારથ સાથે ધમ્માચકડી પકડા પકડી અવળે સવળે આટે પાટેપ..આ રીતે અવિનાશ વ્યાસે ત્રણ અંતરા લખ્યા. ગૌરાંગ વ્યાસ ટ્યૂન ગાતા જાય અને અવિનાશ વ્યાસ લખતા જાય અને આવી રીતે આ ગીત લગભગ બે કલાકમાં પુરુ થઈ ગયું. આ દર્શાવે છે કે ગીતકાર અવિનાશ વ્યાસ મનથી કેટલા સજ્જ હશે જેમણે ટ્યૂનની સાથે સાથે જ શબ્દોની એટલી ત્વરિત રચના કરી હશે અથવા એમ પણ કહી શકાય કે ગીતકાર અવિનાશ વ્યાસનું મન, ચિત્ત હરદમ સંગીતમય જ રહેતું હશે ને ? એમની ચેતામાં પણ ચોવીસે કલાક ગીત સંગીત જ વહેતા હશે ને? એ સમયે તો અવિનાશ વ્યાસ, ગૌરાંગ વ્યાસ કે મન્ના ડેને પણ સપને ય ખ્યાલ નહોતો કે મન્નાબાબુનું રમતિયાળ ગીત માટેનું સૂચન અને સૂચનના આધારે બનેલું એમના ઈજારા સમું આ ગીત અત્યંત પ્રચલિત અને લોકપ્રિય બની જશે. એ પછી આ ગીત મહેન્દ્ર કપૂરે પણ ફિલ્મ " સાત કેદી 'માટે ગાયું હતું જે એમને ગાવામાં ખુબ તકલીફ પડી હતી પણ તેમ છતાં એમણે નિભાવી જાણ્યું હતુ..

બીજી એક વાતે મારું ધ્યાન ખેચ્યું કે પિતા-પુત્રએ એકબીજાની મૈત્રીને સર્જનાત્મક કામોમાં જ ઉત્તમ રીતે વાપરી અને કેવું સુંદર રીતે સંયોજન થયું? સંગીતમાં વિવિધ વિષય સાથે બંને એક બીજાના પુરક બન્યા. જેના ફળ ગુજરાતી પ્રજાને મળ્યાં. એક વાત નક્કી છે કે પરિવાર સાથે કામ કરે તો અનુભવ અને ઉત્સાહ બને સર્જનને વૈવિધ્યભર્યા બનાવે છે નહિતર હરીફાઈ જગતમાં નવી પેઢી માટે પણ આટલું સિદ્ધ કરવું સહેલું નથી. ગુજરાતીઓ જેટલા બિઝનેસ માટે ઉત્સાહી છે એટલા નિરુત્સાહ પોતાની માતૃભાષામાં સંગીત માટે છે અને એ હકીકત છે.આ જ કારણે તો આજે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી બોલીવુડ સામે સાવ નબળી પડી જાય છે મારે અફસોસ સાથે અને એક ગુજરાતી હોવા છતાં કહેવું પડશે કે ગુજરાતીઓ ભાષા અને સાહિત્ય સંગીત પ્રત્યે બહુ ઉત્સાહ દેખાડતા નથી જે ઉત્સાહ મન્ના ડેએ ગૌરાંગની નવી રચના સાંભળવા દેખાડ્યો. આ બાબતમાં મરાઠીઓ અને બંગાળીઓ ગુજરાતી કરતા ક્યાંય ચડિયાતા છે અને આપણે તેમને આદર્શ બનાવવા જોઈએ. આવું જ વલણ ગુજરાતી સંગીતના પીઢ સંગીતકારે નવી પેઢીને આગળ લાવવા દેખાડવું જોઈએ. જો કે આશિત દેસાઈ અને હેમા દેસાઈએ પણ આવો અભિગમ રાખી તેમના દીકરા આલાપ દેસાઈને અને નવી પેઢીને પ્રોત્સાહન આપી આગળ લાવી રહ્યા છે અને અવિનાશ વ્યાસની જેમ જ ગૌરવને પાત્ર બન્યા છે એ પણ અત્રે ઉલ્લેખનીયે.

મારી વાત અહી જોર આપતા ફરી ફરી કહીશ કે આજે તો આ ગીતના રચયિતા અવિનાશ વ્યાસ કે ગાયક મન્ના ડે હયાત નથી પરંતુ આજે પણ કોઈપણ સુગમ સંગીતનો કાર્યક્રમ જાણે અવિનાશ વ્યાસના આ રચના વગર અધૂરો જ છે.


જ્યારે આવી ઘટના બને ત્યારે સહજ એક વિચાર આવે કે કોઈપણ ગીત, કાવ્યની રચનાની શૈલી, માત્રા અને છંદમેળ કે ગઝલના રદીફ કે કાફિયાનો અવિનાશ વ્યાસે અભ્યાસ કર્યો હશે? ત્યારે એક સરસ જવાબ મળ્યો જે અહીં ટાંકુ છુંપ "આદ્ય કવિઓએ પણ ક્યાં આ બધા અભ્યાસ કર્યા હશે પણ એમની રચનાઓ પરથી જ કદાચ આ કાવ્ય શૈલી, એમાંની માત્રા કે છંદમેળ નિશ્ચિત થયા હશે."

અવિનાશ વ્યાસ માટે પણ હું એટલું તો ચોક્કસ કહીશ કે એમણે જે રચનાઓ આપી એ એટલી તો આપણા મન, હૃદય સોંસરવી ઉતરી ગઈ કે એમાં આપણે શૈલી, માત્રા કે છંદમેળનો તાલ શોધ્યા કે મેળવ્યા વગર પણ માણતા જ રહ્યા અને ભવિષ્યમાં પણ માણતા જ રહીશું.




## અંતરનાં આયનામાં.... (લેખાંક - પર)

### વર્ષા જાની



અત્યારની આ મહામારીની પરિસ્થિતિમાં સમાજમાં કેટલાંક લોકોનાં હૃદયમાં રામ વસેલાં જોવા મળે છે. તો કેટલાંક લોકો રાક્ષસથી પણ બદત્તર લૂંટફાટ ચલાવે છે! કેટલીક સેવાભાવી હોસ્પિટલ, સેવાભાવી સંસ્થાઓ આ મહામારીના સમયમાં સેવાયજ્ઞ પણ ચલાવી રહી છે.

સિવિલ હોસ્પિટલમાં ખૂબ સરસ રીતે દરેક દર્દીઓની સારવાર તથા સંભાળ લેવામાં આવે છે.×દર્દી દેવો ભાવ ×એ સૂત્ર હોસ્પિટલનાં દરેક સેવકોએ જીવંત કરીને, સાર્થક કરીને બતાવ્યું છે. પીપીઈ કિટમાં સજ્જ સેવકોની સામે આવતા કોઈપણ દર્દી સમાન જ હોય છે. દર્દીઓને તો ખબર નથી હોતી કે આ પ્લાસ્ટિકની પહેરેલી કિટમાં પરસેવાથી ખૂબ પરેશાની ભોગવતી વ્યક્તિ કોણ છે?તેમ છતાં પણ કિટમાં રહેલી, પ્રસ્વેદથી નીતરતી વ્યક્તિઓ તો સામે આવતા દર્દી રુપી નારાયણને તો ઓળખી જ શકે છે.

તાજેતરમાં સિવિલ હોસ્પિટલમાં એક ઘટના બની અને એને અક્ષરદેહ આપીને મને લોકો સુધી પહોંચાડવાનું અહોભાગ્ય મળ્યું છે. આવી પ્રેરણાદાયક વાતો જીવનબળ આપનારી બની રહેતી હોય છે.

થોડા દિવસ પહેલાં એક બહેન આ રીતે જ કોરોના વોર્ડમાં પોતાની ફરજ બજાવી રહ્યાં હતાં. એવામાં એકસોઆઠ એમ્બયુલન્સમાં વયોવૃદ્ધ એક દર્દી ગંભીર પરિસ્થિતિમાં દાખલ કરવામાં આવ્યું. ફટાફટ બધી જ સારવાર પણ શરુ થઈ ગઈ! એ બહેન પણ દરેક દર્દી પ્રત્યે હૂંફ, સહાનુભૂતિ રાખીને પ્રેમથી દવા આપતાં હતાં. એવામાં આ બુઝૂર્ગ દર્દીના બેડ પાસે ગયા. તો એમણે દવા લેવાની ના પાડી દીધી! કહે.. બેટા, મારે હવે જીવવું નથી, મને દવા ખવડાવીને જીવતો રાખવાની કોશિશ ન જ કર. પેલા બહેન એ દર્દી સામે એકીટશે જોઈ રહ્યાં! પોતાના વિદ્યાર્થી કાળના સંસ્મરણોમાં ડોકિયું કર્યું. અને સ્મૃતિ જીવંત બની ગઈ! અરે, આ તો મારાં ગુરુજી! જેની પાસે મેં જીવનનો એકડો ઘૂંટતા શીખ્યો.અને પછીએમણે તો ગુરુજીને વિશેષ પ્રેમ, હૂંફ અને લાગણીથી દવાઓઆપવા લાગ્યાં.જમવાનું વગેરે પોતાના હાથે જ જમાડવા લાગ્યાં.એ દાદા બોલ્યા કરે, દીકરી, બેટા, મારે હવે જીવવું જ નથી. તું શું કામ મારાં જીવનને થીગડાં મારવાનો પ્રયત્ન કરે છે! પણ આ બહેન તો કાંઈપણ ઓળખાણ આપ્યા વગર પોતાની એક પરિચરિકા તરીકેની, તેમજ વિશેષ ગુરુ પ્રત્યેની ઉમદા શિષ્ય ભાવનાથી સેવા કરવા લાગી ગયા. અને દાદા પણ દીકરી જેવી કાળજી પામીને સાજા થવા લાગ્યાં. ધીરે ધીરે મોંઢા પર રોનક આવવા લાગી! પરિચારિકાનાં દિલને શાતા વળી.ગુરુ પ્રત્યેની પોતાની નિષ્ઠા રંગ લાવતી જણાઈ.

પછી દાદાને જયારે હોસ્પિટલ માંથી રજા આપવામાં આવી ત્યારે આ પરિચરીકાએ પોતાનાં ચહેરા પરથી માસ્ક કાઢીને પોતાના આદરણીય ગુરુજી પાસે પહોંચી ગઈ. ગુરુજીને પણ લગભગ ચાલીસેક વર્ષ પહેલાની સ્મૃતિ તાજી થઈ, અને એકાએક લાગણી સભર ભાવે બોલી ઊઠ્યા.. કૃપા!!અને સિસ્ટર કૃપા પણ ભાવવિભોર થઈ ગયાં. આટલાં વરસ પછી પણ સાહેબને મારું નામ યાદ છે! તે સાહેબને એકદમ પગે લાગી. સાહેબના કરચલીયાળા, ધ્રુજતા હાથે શિષ્યાનાં માથા ઉપર હાથ મૂકી આશીર્વાદનો વરસાદ કર્યો. અને બોલ્યા × ઈશ્વરે કૃપા દ્વારા મારાં પર નવજીવનની કૃપા વરસાવી છે. ×ગુરુ, શિષ્યનું અદ્ભૂત મિલનથી સમગ્ર સ્ટાફ અને વોર્ડમાં રહેલાં અનેક દર્દીઓની પણ આંખો ભીની થઈ ગઈ. કોરોના કાળમાં આપણને સાક્ષાત માનવના રુપમાં ઈશ્વરનાં પણ આ રીતે દર્શન થતાં રહે છે. હજી પણ આ યુગમાં ગુરુ શિષ્ય પરંપરા, ગુરુની શિષ્ય પ્રત્યેની શુભભાવનાનું પવિત્ર ઝરણું સતત વહેતુ જોવા મળે જ છે. અને જયાં સુધી આવી માનવતાના અમૃત પુષ્પો ખીલતા રહેશે.. ત્યાં સુધી આ કલિયુગી જીવનમાં પણ સૌરભ ફેલાતી જ રહેશે.

વર્ષા જાની
ભાવનગર
મે ૨૦૨૧
(પ્રેરણાબીજ આદરણીય ભટ્ટદાદા )

### 'કોરોના મહામારીમાં મનને સ્થિર કેવી રીતે રાખવું - ભાગ ૨ ? આ વિશે ઑનલાઈન વિશેષ પરિસંવાદ !

# પ્રાર્થના અને અગ્નિહોત્રનો આધાર લઈને નિયમિત સાધના કરો ! - સદ્ગુરુ નંદકુમાર જાધવ

કોરોના મહામારીને કારણે નિર્માણ થયેલી પરિસ્થિતિમાં અનેક લોકોના મનમાં ભય, નકારાત્મકતા, નિરાશા વધી ગઈ છે, તેમજ કેટલાકના માનસિક સંતુલન પર પણ વિપરિત પરિણામ થયું છે. આવી સ્થિતિમાં નિયમિત સાધના કરવાથી માનસિક તણાવ, ભય ન્યૂન થઈને મન ચિંતામુક્ત થાય છે અને આનંદી રહી શકાય છે. ઈશ્વરને કરેલી પ્રાર્થનાથી આપણને અનન્યસાધારણ બળ મળે છે. પ્રાર્થનાથી રોગનિવારણ થાય છે, આ વાત આધુનિક વિજ્ઞાને પણ વિવિધ પ્રયોગો દ્વારા માન્ય કરી છે. આપણું મનોબળ અને સકારાત?મકતા વધે એ માટે આપણા જીવનમાં પ્રાર્થનનો આધાર લેવો જોઈએ. વર્તમાનના પ્રદૂષિત વાતાવરણમાં હવાની શુદ્ધિ સાથે ઝેરીલા વાયુ અને કિરણોત્સર્ગ સામે રક્ષણ કરનારો 'અગ્નિહોત્ર' વિધિ પણ અવશ?ય કરવો. વર્તમાન આપત્કાળમાં આવા વિવિધ ઉપાયોનો આધાર લઈને નિયમિત સાધના કરો, એવું આવાહન સનાતન સંસ?થાના ધર્મપ્રચારક સદ્ગુરુ નંદકુમાર જાધવે કર્યું. હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'કોરોના વૈશ્વિક મહામારી : મનને સ્થિર કેવી રીતે કરવું ? - ભાગ ૨' આ 'ઑનલાઈન વિશેષ પરિસંવાદ'માં તેઓ બોલી રહ્યા હતા. આ કાર્યક્રમ 'ફેસબુક' અને 'યુ-ટ્યૂબ'ના માધ્યમો દ્વારા ૭૮૨૭ લોકોએ નિહાળ્યો.

હરિયાણા ખાતેના વૈદ્ય ભૂપેશ શર્માએ કહ્યું કે, 'કોરોના મહામારીમાં આપણા આરોગ્ય માટે તાત્પુરતા ઉપાય કરવાને બદલે આયુર્વેદમાંના સૂત્રોનો નિરંતર આપણી દિનચર્યામાં યોગ્ય રીતે આધાર લેવાથી આપણને શારીરિક અને માનસિક બળ મળશે. ઑક્સિજન સિલિંડર દ્વારા શરીરને પ્રાણવાયુ (ઑક્સિજન) આપવો, એ તાત્પુરતા ઉપાય પર આધારિત રહેવાને બદલે આપણા આહારમાં શુદ્ધ તેલ, ઘી જેવી બાબતોનો સમાવેશ કરવાથી શરીરમાંનો વાયુ નિયંત્રિત રહે છે. તે સાથે જ શરીર પર અભ્યંગ (તેલ)નો ઉપયોગ કરવાથી પ્રાણવાયુનો સ્તર સુધરે છે. વાસી અન્ન ખાવાને બદલે યોગ્ય આહાર લઈને નિયમિત વ્યાયામ, યોગાસનો, પ્રાણાયામ કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે, આ વાત ધ્યાનમાં લેવી જોઈએ. લોકોએ ધર્મપાલન અર્થાત્ જીવન જીવવા માટે નિર્ધારિત કરેલા નિયમોનું પાલન કરવું જોઈએ.'

આ સમયે બોલતી વેળાએ હિંદુ જનજાગૃતિ સમિતિના મધ્ય પ્રદેશ અને રાજસ્થાન રાજ્યોના સમન્વયક શ્રી. આનંદ જાખોટિયાએ કહ્યું કે, 'વર્તમાન કાળમાં કોરોના વિષાણુથી ઘેરાયેલા હોવા છતાં અનેક લોકો આગેવાની કરીને લોકોની સહાયતા કરી રહ્યા છે; પણ તે સાથે જ સ્વાર્થી વૃત્તિથી મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર, ઔષધોનો કાળોબજાર, નફાખોરી સાથે જ અનેક ગેરપ્રકાર ચાલુ છે. આ ગેરપ્રકારોને ઉજાગર કરવા માટે જનતાએ આગેવાની કરવી પડશે. વર્તમાન કાળમાં સહુકોઈએ શિસ્તનું પાલન કરવું આવશ્યક છે. વર્તમાન સ્થિતિનું ગાંભીર્ય ધ્યાનમાં લેતાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક બળ પ્રાપ?ત થવા માટે યોગ્ય દિનચર્યાનો નક્કી જ લાભ થશે.'

રમેશ શિંદે

# શહેરી નક્સલવાદી વરવરા રાવને જામીન મળે છે, તો પછી 'કોવિડથી માંદા પૂ. આસારામજી બાપુને શા માટે નહીં ? - હિંદુ જનજાગૃતિ સમિતિનો પ્રશ્ન

પૂ. આસારામજી બાપુને કારાગૃહમાં કોરોનાનો ચેપ લાગીને તેમને સમયસર ઉપચાર ન મળવાથી જોધપૂર ખાતેના મહાત્મા ગાંધી રુગ્ણાલયમાં ખસેડવામાં આવ્યા, આમાંથી રાજસ્થાન સરકારની ઢીલાઈ જ દેખાઈ આવે છે. ૮૦ વર્ષના અને અનેક માંદગીનો સામનો કરનારા બાપુજીની કોરોનાની દ્રષ્ટિએ કાળજી લેવી, એ સરકારનું કર્તવ્ય જ છે. સરકારી યંત્રણા તેમની પૂરતી કાળજી લેશે, એવી સંભાવના દેખાતી નથી. તેથી તેમને યોગ?ય અને તરત જ ઉપચાર મળે, તેમજ તેમને તરત જ જામીન માટે અનુમતિ આપવામાં આવે, એવી માગણી હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ કરી છે.

મહારાષ્ટ્રમાં અનેક કારાગૃહોમાં કોરોનાનો ચેપ ફેલાયો હોવાથી શાસને અનેક કેદીઓને જામીન આપીને છોડી દીધા.

શહેરી નક્સલવાદી વરવરા રાવ પર તો વડાપ્રધાન મોદીની હત્યા કરવાનું કાવતરું રચ્યું હોવાનો આરોપ હોવા છતાં પણ તેમની વય અને માંદગી જોતાં તેમને જામીન મળ્યો; તો પછી પ.પૂ. બાપુજીને તો કોરોના થયો છે, તો પછી તેમને જામીન શા માટે ન મળે, એવો પ્રશ્ન નિર્માણ થાય છે. પૂ. બાપુજીને કોરોના થયા પછી તરત જ રુગ્ણાલયમાં દાખલ કરવાને બદલે ચાર દિવસ પછી સ્વાસ્થ્ય લથડી ગયા પછી રુગ્ણાલયમાં શા માટે ખસેડવામાં આવ્યા ? આમાંથી જ શાસન હિંદુ સમાજ અને હિંદુ સંતો વિશે સંવેદનહીન છે, એમ જ દેખાઈ આવે છે.

હિંદુ જનજાગૃતિ સમિતિ પૂ. આસારામજી બાપુને ઉત્તમ આરોગ?ય મળે તે માટે ઈશ્વરનાં ચરણોમાં પ્રાર્થના કરે છે. પૂ. આસારામજી બાપુને વહેલામાં વહેલી તકે સારા રુગ્ણાલયમાં ઉપચાર મળે અને તેમને જામીન મળે, એવી માગણી કરે છે.

રમેશ શિંદે

# ૧૮ થી ૪૫ વર્ષની વય જુથનાં લોકો, રસી મુકાવ્યા પૂર્વે અચૂક રકતદાન કરે

પ્રવર્તમાન કોરોના બીમારી તથા હાલ ઉનાળાની ગરમીનાં સમયમાં રક્તની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જિંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો નિઃશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની જરૂરીયાત છે. શિવા ચેરીટેબલ ટ્રસ્ટ અને જાગનાથ યુવક મંડળ દ્વારા સિવીલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના લાભાર્થે જાગનાથ મંદિર ચોક, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે તા.૦૯/૦૫/૨૦૨૧, રવિવારના રોજ સવારે ૯ થી ૨ વાગ્યા સુધી, તમામ કોવીડ સલામતી સાથે, રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી કરવામાં આવી છે. સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો સીવીલ હોસ્પીટલ બ્લડ બેંક આપના સ્થળેથી રકતદાન સ્વીકારવા આવશે, નાના કેમ્પ હશે તો પણ થઈ શકશે. ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથનાં લોકો, રસી મુકાવ્યા પૂર્વેઅચૂક રકતદાન કરે. વિશેષ માહિતી માટે અને કેમ્પનાં આયોજક શિવા ચેરીટેબલ ટ્રસ્ટ અને જાગનાથ યુવક મંડળ (મોઃ ૯૮૯૮૫ ૬૯૬૯૪) પર સંપર્ક કરવા વિનંતી છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001